GMERS GENERAL HOSPITAL, VADNAGAR, DIST. MEHSANA

Kharvad Medan, Sipor Road, Vadnagar, Dist. Mehsana, Gujarat - 384355
Email : ms-gmers-vadnagar@gujarat.gov.in
Website : www.gmersmchvadnagar.com
Tel.No. : 02761-222331

ક્રમાંક:જાહોવ/સર્વર/કોન્ડેમ્નેશન/ઇ-વેસ્ટ/જાહેર નિવિદા/ 6064 /2026
તા- 23/07/26

જાહેર નિવિદા (Quotation Notice)

વિષય : કોન્ડેમ્નેશન થયેલ ઇ-વેસ્ટ (E-Waste) સામગ્રીના નિકાલ માટે અધિકૃત E-Waste Recycler/Dismantler પાસેથી સીલબંધ ભાવપત્રકો મંગાવવા બાબત.

જી.એમ.ઇ.આર.એસ. જનરલ હોસ્પિટલ, વડનગર ખાતે વિવિધ વિભાગોમાં ઉપયોગમાં લેવાયેલ ઇલેક્ટ્રોનિક સાધનો કોન્ડેમ્નેશન સમિતિ દ્વારા બિનઉપયોગી (Condemned) જાહેર કરવામાં આવેલ છે. આ કોન્ડેમ્નેશન થયેલ ઇ-વેસ્ટ સામગ્રીનો નિકાલ **E-Waste (Management) Rules, 2022, Central Pollution Control Board (CPCB)** તથા **Gujarat Pollution Control Board (GPCB)** ની પ્રવર્તમાન માર્ગદર્શિકા અનુસાર કરવાનો હોવાથી **CPCB/GPCB દ્વારા અધિકૃત (Authorized) E-Waste Recycler/Dismantler** પાસેથી સીલબંધ ભાવપત્રકો (Quotation) મંગાવવામાં આવે છે.

કોન્ડેમ્નેશન થયેલ ઇ-વેસ્ટ સામગ્રીની વિગત **Annexure–A** માં દર્શાવેલ છે.

નિયમો અને શરતો

1. માત્ર **CPCB/GPCB દ્વારા અધિકૃત (Authorized) E-Waste Recycler/Dismantler** તરીકે નોંધાયેલ એજન્સીઓના જ ભાવપત્રકો માન્ય ગણાશે.
2. ભાવપત્રક સાથે નીચે મુજબના દસ્તાવેજોની સ્વપ્રમાણિત નકલ ફરજિયાત જોડવાની રહેશે:
   - CPCB/GPCB Authorization Certificate
   - GST Registration Certificate
   - PAN Card
   - Udyam Registration Certificate (જો લાગુ પડતું હોય)
3. રસ ધરાવતી એજન્સી કચેરી સમય દરમિયાન પૂર્વ મંજૂરી મેળવી **Annexure–A** માં દર્શાવેલ કોન્ડેમ્નેશન થયેલ ઇ-વેસ્ટ સામગ્રીનું સ્થળ પર નિરીક્ષણ કરી શકશે.
4. ઇ-વેસ્ટ સામગ્રી **"As Is Where Is Basis"** એટલે કે **"જે સ્થિતિમાં છે અને જ્યાં ઉપલબ્ધ છે તે જ સ્થિતિમાં"** વેચાણ માટે આપવામાં આવશે. તેથી ભાવપત્રક રજૂ કરતાં પહેલાં સામગ્રીનું સ્થળ પર નિરીક્ષણ કરી લેવાનું રહેશે. ત્યારબાદ સામગ્રીની ગુણવત્તા, જથ્થો, સ્થિતિ અથવા અન્ય કોઈપણ બાબતે કોઈ વાંધો કે દાવો ગ્રાહ્ય ગણાશે નહીં.
5. ભાવપત્રકમાં **Annexure–A** મુજબ દર્શાવેલ તમામ ઇ-વેસ્ટ સામગ્રી માટે કુલ દર (Lump Sum Amount) દર્શાવવાનો રહેશે.
6. સૌથી વધુ દર (Highest Quoted Amount) દર્શાવનાર તથા તમામ શરતો પૂર્ણ કરનાર અધિકૃત એજન્સીને નિયમો મુજબ ઇ-વેસ્ટ સામગ્રીનો નિકાલ કરવાની મંજૂરી આપવામાં આવશે.
7. હોસ્પિટલને કોઈપણ અથવા તમામ ભાવપત્રકો સ્વીકારવા કે નામંજૂર કરવાનો, પ્રક્રિયા રદ કરવાનો અથવા તેમાં ફેરફાર કરવાનો સંપૂર્ણ અધિકાર રહેશે. તે અંગે કોઈ કારણ દર્શાવવાની ફરજ રહેશે નહીં.
8. મંજૂરી મળ્યા બાદ સફળ એજન્સીએ નિર્ધારિત સમયમર્યાદામાં સંપૂર્ણ રકમ હોસ્પિટલમાં જમા કરાવવાની રહેશે.
9. સંપૂર્ણ રકમ જમા થયા બાદ ઇ-વેસ્ટ સામગ્રી પોતાના ખર્ચે ઉપાડી જવાની રહેશે. લોડિંગ, અનલોડિંગ, મજૂરી, વાહનવ્યવસ્થા, પરિવહન તથા અન્ય તમામ ખર્ચ સફળ એજન્સીએ પોતાના ખર્ચે ભોગવવાનો રહેશે.

10. ઈ-વેસ્ટનો નિકાલ E-Waste (Management) Rules, 2022, CPCB તથા GPCBની પ્રવર્તમાન માર્ગદર્શિકા અનુસાર કરવાનો રહેશે.
11. ઈ-વેસ્ટ સામગ્રી ઉપાડ્યા બાદ અધિકૃત એજન્સીએ Certificate of Recycling / Certificate of Disposal હોસ્પિટલને ફરજિયાત સબમિટ કરવાનું રહેશે.
12. હોસ્પિટલ પરિસરમાં કામગીરી દરમિયાન કોઈપણ પ્રકારની જાનહાનિ, અકસ્માત અથવા મિલકતને નુકસાન થાય તો તેની સંપૂર્ણ જવાબદારી સફળ એજન્સીની રહેશે.
13. કોઈપણ પ્રકારનો કાનૂની વિવાદ ઊભો થાય તો તેનો અધિકારક્ષેત્ર મહેસાણા જિલ્લો (ગુજરાત) રહેશે.

ભાવપત્રક મોકલવાની વિગતો
સરનામું:
તબીબી અધિક્ષકશ્રીની કચેરી
જી.એમ.ઈ.આર.એસ. જનરલ હોસ્પિટલ, ખેરવાડ મેદાન, સિપોર રોડ, વડનગર – ૩૮૪૩૫૫
જિલ્લો : મહેસાણા (ગુજરાત)

છેલ્લી તારીખ

સીલબંધ ભાવપત્રક માત્ર RPAD (Registered Post Acknowledgement Due) અથવા Speed Post મારફતે જ મોકલવાનું રહેશે.

સીલબંધ ભાવપત્રકો તા. 03/08/2026 ના રોજ કચેરી સમય સુધી તબીબી અધિક્ષકશ્રીની કચેરી, જી.એમ.ઈ.આર.એસ. જનરલ હોસ્પિટલ, વડનગર ખાતે પહોંચે તે રીતે મોકલવાના રહેશે.

મહત્વની નોંધ

- ફબફ, કુરિયર, ઇ-મેઇલ અથવા અન્ય કોઈપણ માધ્યમથી પ્રાપ્ત થયેલ ભાવપત્રકો સ્વીકારવામાં આવશે નહીં.
- નિયત તારીખ અને સમય બાદ પ્રાપ્ત થયેલ ભાવપત્રકો કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં.
- કવરના ઉપર સ્પષ્ટ અક્ષરે "Quotation for Disposal of Condemned E-Waste Materials" લખવાનું રહેશે.
- કોન્ડેમ્નેશન થયેલ ઈ-વેસ્ટ સામગ્રીની વિગત Annexure–A મુજબ રહેશે.
- આ જાહેર ભાવપત્રકને વ્યાપક પ્રસિદ્ધિ મળે તે હેતુસર હોસ્પિટલની સત્તાવાર વેબસાઇટ https://gmersmchvadnagar.com પર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. ઇચ્છુક અધિકૃત E-Waste Recycler/Dismantler જાહેર ભાવપત્રક તથા Annexure-A ની વિગતો વેબસાઇટ પરથી મેળવી શકશે.

સ્થળ : વડનગર
તારીખ : 23/7/26

તબીબી અધિક્ષક
જી.એમ.ઈ.આર.એસ. જનરલ હોસ્પિટલ,
વડનગર

GMERS GENERAL HOSPITAL, VADNAGAR, DIST. MEHSANA

Kharvad Medan, Sipor Road, Vadnagar, Dist. Mehsana, Gujarat - 384355
Email : ms-gmers-vadnagar@gujarat.gov.in
Website : www.gmersmchvadnagar.com
Tel.No. : 02761-222331

Annexure - A

કોન્ડેમ્નેશન થયેલ ઇ-વેસ્ટ (E-Waste) સામગ્રીની વિગતો			
સંસ્થા : જી.એમ.ઈ.આર.એસ. જનરલ હોસ્પિટલ, વડનગર			
ક્રમ	સાધનનું નામ	સંખ્યા	Rate Per Item
1	પ્રિન્ટર	28	
2	CPU	13	
3	મોનિટર	13	
4	RAM	5	
5	પ્રોસેસર	4	
6	હાર્ડ ડિસ્ક	6	
7	કીબોર્ડ	10	
8	માઉસ	10	
9	ટોનર/કાર્ટ્રિજ	251	
10	મધર બોર્ડ	4	
11	Landline Telephone	6	
12	અન્ય IT સાધનો	1 USB Camera, 1 Cable Tester, 2 Mantra Bio Matric Device, Blower 1	
13	UPS	6	

તબીબી અધિક્ષક
જી.એમ.ઈ.આર.એસ. જનરલ હોસ્પિટલ,
વડનગર